## (1) YUKTI 2.0 પ્લેટફોર્મ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પ્લેટફોર્મ નીતિ આયોગ દ્વારા લોંચ કરવામાં આવેલ છે.
(2) અહીં, YUKTIનું પૂરુંનામ 'યંગ ઈન્ડિયા કોમ્બેટીંગ કોવીડ વિથ નોલેજ, ટેક્નોલોજી એન્ડ ઈનોવેશન' છે.
(3) આ પ્લેટફોર્મ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ માટેનું છે.
(4) આ પ્લેટફોર્મ પર ભાગીદારો તેમની ટેક્નોલોજી તથા ઈનોવેશનનું શેરીંગ કરી શકે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા 'YUKTI 2.0' નામની પહેલ લોંચ કરવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના સ્ટાર્ટ–અપ વિષેની માહિતીઓ તથા વ્યવહારુ ક્ષમતા ધરાવતી ટેક્નોલોજીને ભેગી કરવા માટેનું એક પ્લેટફોર્મ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ અહીં YUKTIનું પૂરું નામ 'યંગ ઈન્ડિયા કોમ્બેટીંગ કોવીડ વિથ નોલેજ, ટેક્નોલોજી એન્ડ ઈનોવેશન' છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ અગાઉ કોવીડ મહામારી દરમિયાન યોગ્ય વિચારોની ઓળખ કરવા માટે YUKTI પ્લેટફોર્મ લોંચ કરાયું હતું. YUKTI 2.0 તેનું જ વિસ્તૃત સ્વરૂપ છે.

⇛ આ પ્લેટફોર્મનો ડેટાબેઝ રોકાણ કરવા માંગતા સમુદાયો (વેપારી, ખેડૂત, ઉદ્યોગપતિ) સાથે વહેંચવામાં આવશે. આ દ્વારા વિદ્યાર્થીઓના પોતાના નવીન વિચારોને વેંચી શકશે. આમ, આ પ્લેટફોર્મ પર વિવિધ ભાગીદારો તેમની ટેક્નોલોજી તથા ઈનોવેશનનું શેરીંગ કરી શકે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) આંતરરાષ્ટ્રીય યોગ દિવસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ દિવસ દર વર્ષે 21મી જૂનના રોજ ઊજવવામાં આવે છે.

(2) આ વર્ષે આ દિવસની આંતરરાષ્ટ્રીય થીમ 'આરોગ્ય માટે યોગ, ઘરે યોગ' છે.

(3) આયુષ મંત્રાલયની આ દિવસની થીમ 'યોગ અને COVID-19' છે.

(4) ભારતમાં આ દિવસ નિમિત્તે 'નમસ્તે યોગ' અભિયાન સંસ્કૃતિ મંત્રાલય અને પર્યટન મંત્રાલય ચલાવવામાં આવ્યું હતું.

(A) માત્ર (2) અને (4)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ દર વર્ષે આંતરરાષ્ટ્રીય સ્તર પર સંયુક્ત રાષ્ટ્રો દ્વારા 21 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઊજવણી કરવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વર્ષ 2015થી આ દિવસ ઊજવવાની શરૂઆત કરવામાં આવી હતી.

⇛ સંયુક્ત રાષ્ટ્રો દ્વારા વર્ષ 2020 માટેની આ દિવસની થીમ 'આરોગ્ય માટે યોગ, ઘરે યોગ' રાખવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્રો દ્વારા રાખવામાં આવેલી થીમ આંતરરાષ્ટ્રીય થીમ હોય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ દિવસ નિમિત્તે ભારતમાં પણ એક રાષ્ટ્રીય થીમ આયુષ મંત્રાલય દ્વારા રાખવામાં આવી છે. આ થીમ 'ઘરે યોગ અને પરિવાર સાથે યોગ' છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ દિવસની ઊજવણીના ભાગરૂપે 19થી 21મી જૂન સુધી એક 'નમસ્તે યોગ' અભિયાન પણ ચલાવવા આવ્યું હતું. આ અભિયાન કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય અને પર્યટન મંત્રાલય દ્વારા ચલાવવામાં આવ્યું હતું. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) 'વિકટરી ડે' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ દિવસ સામાન્ય રીતે 9 મે એ ઊજવવામાં આવે છે.

(2) આ દિવસ બીજા વિશ્વયુદ્ધના અંત તથા 'એલાઈડ ફોર્સ'ના વિજય માટે ઊજવવામાં આવે છે.

(3) આ દિવસ રશિયા દ્વારા ઊજવવામાં આવે છે.

(4) યુરોપમાં આ દિવસને 'વિકટરી ઈન યુરોપ ડે' કહે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રશિયા દ્વારા 24 જૂનના રોજ 75માં 'વિકટરી ડે'ની ઉજવણી કરવામાં આવી છે. આ દિવસ સામાન્ય રીતે 9 મે એ ઊજવવામાં આવે છે પરંતુ COVID-19ના કારણે તેની ઉજવણી પાછળ ધકેલાઈ હતી. (આથી, વિધાન (1) અને (3) સાચાં છે.)

⇛ આ દિવસ બીજા વિશ્વયુદ્ધનો અંત તથા 'એલાઈડ ફોર્સ'ની જીતનું સૂચન કરે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ 7 મે 1945 એ જર્મનીની સેનાએ સરંડર કર્યું હતું જે તેના પછીના દિવસે સ્વીકારવામાં આવ્યું હતું અને ત્યારબાદના દિવસથી અમલમાં આવ્યું હતું.

⇛ મોટા ભાગના યુરોપના દેશોમાં આ દિવસ 8 મે એ ઊજવવામાં આવે છે તથા તેને 'વિકટરી ઈન યુરોપ ડે' તરીકે ઓળખવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ રશિયા માટે 24 જૂનનો દિવસ પણ મહત્ત્વનો છે. કારણ કે, સૌપ્રથમ મિલિટરી પરેડ 24 જૂને યોજાય હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) IPCની કલમ 309 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ કલમ આત્મહત્યા સાથે સંબંધ ધરાવે છે.

(2) આ કલમ 19મી સદીમાં અંગ્રેજો દ્વારા દાખલ કરવામાં આવી હતી.

(3) વર્ષ 2017માં આત્મહત્યાને ભારતમાં ગુનામુકત (Decriminalise) કરવામાં આવી હતી.

(4) વર્ષ 2018માં આ કલમને રદ કરવામાં આવી હતી.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ ભારતમાં વર્ષ 2017માં આત્મહત્યાને ગુનામુકત કરવામાં આવેલી હતી પરંતુ IPCની કલમ 309 હજુ અમલમાં છે. (આથી, વિધાન (3) સાચું છે જ્યારે વિધાન (4) ખોટું છે.)

⇛ આ કાયદો 19મી સદીમાં અંગ્રેજો દ્વારા લાવવામાં આવ્યો હતો. તે સમયે ખુદની હત્યા કરવી કે હત્યા કરવાના પ્રયાસને રાજ્ય તથા ધર્મ વિરુદ્ધનો ગુનનો ગણવામાં આવતો હતો. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇛ વર્ષ 2017માં MHCA અધિનિયમ દ્વારા કલમ 309 હેઠળ કેસ દાખલ કરવાનો વ્યાપ ઘટાડવામાં આવેલો હતો. MHCAનું પૂરુંનામ મેન્ટલ હેલ્થકેર એકટ છે.

⇛ ઉપરોક્ત અધિનિયમમાં કહેવામાં આવ્યું છે કે, 'જો અન્ય કોઈ સાબિતી કે પૂરાવો ન મળે તો, આત્મહત્યા કરનાર માણસ ગંભીર ચિંતામાં છે તેમ ગણવામાં આવશે અને તેને IPCની કલમ 309 હેઠળ સજા આપવામાં આવશે નહીં.'

⇛ કોઈ વખત સરકારી કાર્યાલય સમક્ષ કેટલાંક લોકો પોતાની વાત મનાવવા આત્મહત્યા કરવાનો ઢોંગ કરતાં હોય છે. આથી, આવા સમયે આ કલમ ઉપયોગી છે તેમ કેટલાંક નિષ્ણાંતોનું માનવું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(5) ઈન્ટરનેશનલ કમ્પેરીઝન પ્રોગ્રામ (ICP) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ કાર્યક્રમ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનનો છે.

(2) આ કાર્યક્રમમાં વિવિધ દેશોના 'GINI Co-efficient'ની ગણતરી કરવામાં આવે છે.

(3) તે સમગ્ર વિશ્વમાં સૌથી મોટી ડેટા કલેકશનની પહેલ છે.

(4) આ ડેટાનું એકત્રીકરણ UN Statistical Commissionના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (3) અને (4) (D) માત્ર (1) અને (4)

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં વર્લ્ડ બેંકે ઈન્ટરનેશનલ કમ્પેરીઝન પ્રોગ્રામ હેઠળ વર્ષ 2017ના રેફરન્સ વર્ષ માટેની નવી PPPની માહિતી જાહેર કરી છે. (આથી, વિધાન (1) અને (2) ખોટાં છે.)

⇒ PPPનું પૂરુંનામ Purchasing Power Parities છે.

⇒ વિશ્વના વિવિધ અર્થતંત્રોમાં જીવનનિર્વાહના ખર્ચની સરખામણી PPP દ્વારા થઈ શકે છે.

⇒ UN Statistical Commissionના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ ચલાવવામાં આવ્યો હતો. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ આ વિશ્વની સૌથી મોટી ડેટા કલેકશનની પહેલ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ ભારત વર્ષ 1970થી આ કાર્યક્રમમાં નિયમિતપણે ભાગ લે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT